ઉશતા !

(આબાદી)

જરથોસ્તી મંડળ.

મુંબઇ

આદીતવાર, તા૦ ૨ જી જાનેવારી ૧૮૫૮.

[illegible] મુકામ.

મમબાદેવી રોડ.

" ઉસ્તા અમ્હાઇ યમ્હાઇ ઉસ્તા કમ્હાઇ ચીત " ! (૪૩-૧)
આબાદી તે શખસને હોજો, જેનેથી બીજાઓને સુખ પોચે.

મદદે ખુદા.

ઓ રાસતીને માટે બખસેશ કરનાર સાહેબ !
ભલાં મનની મારફતે હમારી મદદે તુ આવ !

સાહેબો.

આજ રોજે આપણને હંઇ ભેગા મલવાનું કારણ હાજર રેહલાઓમાના ઘણાકોને રોશન હોવું જોઇએ આજ રોજે ભેગા મલવાનો મતલબ એક સુભનેમથી સુભ કામની સરૂઆત કરવાવાની છે. તે સુભ નેમ શું છે ?

તે આપણ આપણમાં તદન નવીજ ધબપર અને નવીજ રીતીઓથી એક મંડળ ઉભી કરવાની નેમ છે ! મડળી ! મડળ !! કદાચ તમો સાહેબો અજાએબ થાઇ સવાલ કરશો કે આપણા જેવા ઉધરતા વરગને મંડળીની તે શી ગરજ ? મંડળની તે શી અગત્યતા ?

પણ એ વીશે હું વધુ વીવેચન કરૂં તે આગમચ મહને કેટલોક ખુલાસો કરવાની રજા આપશો.

આપણા વચ્ચે ઘણીએક મંડળીઓ હસતી ધરાવેચ, કે જે મડલીઓએ આપણ પારસીઓના ફાએદા માટે ઘણું એક કર્યુ છે. પણ આપણને એ મડલીઓ વીશે કે એવી મડલીઓના સભાસદો વીશે કાંઇ પણ બોલવાની જરૂર નથી અને, તેઓના કામ સાથે આપણું કાંઇ કાર્ય નથી.

જાહેર રીતે જણાએલી જે મંડળીઓ છે તે વૃધ વએના વીધવાન સભાસદોથી બનેલી છે. ખચીત એવી મંડળીઓમાં દાખલ થઇ પારસી કોમના ભલાં અર્થે પોતાથી બનતી મદદ આપવી એ દરેક દીનદાર જરથોસ્તીની આહમ ફરજ છે, પણ આપણ તરૂણોને તેવી મડળીઓમાં દાખલ થવું લાયક થઇ પડશે કે ? ખચીતજ નહીં. આપણા વર્ગનો એક ઉધરતો ગ્રસ્થ એવી મોટી વાધવાન મડળીઓમાં પોતાના ધર્મ સબંધી કે ગ્નાન રૂપી બાબદ ઉપર વીવેચન કરવાને કેટલીક રીતે આંચકો ખાસે. ત્યારે તેનો ઉપાય શો ? શું ત્યારે આપણે આપણા પોતાને માટે આપણા પોતાના ફાયદાને માટે, આપણા વાધાના વધારા અર્થે, આપણા ધર્મને માટે આપણા ગ્નાનને માટે કાઇએ કરવું નહીં. તેનો જવાબ એજ છે કે આપણ ઉધરતા વર્ગને માટે એવું એક મંડળ સ્થાપવું કે જ્યાં આપણે લાયકના સર્વ ધર્મ સંબંધી તેમજ ગ્નાન રૂપી વીવેચનો આપણે કરી શકીએ પારસીઓ વચ્ચે

એવી એક મડળી હું જોતો નથી કે જે આપણા ઉધરતા વર્ગને માટે એક ઉતમ સાધણ થઇ પડે. કદાચ એવી એકાદ બે મડળીઓ પારસી કોમમાં હસતી ધરાવતી હશે, પણ આજે જે મંડળ હું સ્થાપવા માગુ છું તે તદન જુદા પાયા ઉપર મજબુત બાંધણીથી અને નવીજ રૂચીએથી સ્થાપવામાં આવશે.

પણ પાછો સવાલ ઉતપણ થાય છે કે મંડળી સ્થાપવાની તે શી ગરજ ? મંડળ ઉભું કરવાની તે શી અગત્યતા ? એનો ઉતર આજ છે કે પારસીઆનો હાલનો ધર્મ તેની હાલની હાલત પારસીઓની નીતી રીતીઓ, તેઓની હાલની ગરીબાઇ, અને તેઓના ધર્મની પડતી તરફ જાતા આપણા વચ્ચે એક મંડળીની નહી પણ અનેકની જરૂર છે. પણ તે કેવા પાયા ઉપર ? હાલ હસ્તી ધરાવતી મંડલીઓના પાયા ઉપર ? ના, નહી ! ત્યારે કેવા ? તદન જુદાજ, સર્વને અનુકુલતા અને સર્વને પસંદ પડતી સેહલી રૂચીઓવા મજબુત પાયા ઉપર આપણી મંડળીઓ સ્થાપવી જોઇએ.

આજે જે મંડળ હું સ્થાપવા માગું છું. તેને કોઇબી

રીતનો કાંઇ બી કીસમનો સંબંધ જાહેર મંડળીઓ સાથ રેહેશે નહી. "જરથોસ્તી મંડળ" ના તદન સાદાં નામ હેઠલ એક મંડળ દાખલ પોતાનું કામ ગુપચુપ આરંભશે, અને કેહવા સેહલા પાયા ઉપર ચાલશે, અને સર્વને કેહવી માફકસરની થઇ પડશે કે સર્વને કેવી મનપસંદ નીવડશે તે એ મંડળના ધારાઓ વાંચીઆથી તમારી ખાતરી થાસે. ભાઇઓ મંડળ કેવા પાયા ઉપર ચાલશે અને તેનું ધોરણ શી રીતનું રેહેશે તે એક સભાસદ જયાં સુધી મંડળના સઘલા કાયદા કાનુનો સંભાલથી વાંચી જાય નહી ત્યા લગી સર્વ બીના સંપુર્ણ રીતે તે સમજી શકે નહી. દરેક સભાસદને તેમજ કોઈબી વાંચનારને સમજ પડી શકે એવી રીતે વીભાગો કરી કાયદા કાનુનો લખીઆ છે અને તેટલા માટે કોઇ બી ગ્રહસ્થ એ વાંચવાને કંટાળશે નહી, તોપણ આટલું તો મારે જણાવવું જોઇએ કે આ મંડળની નેમ કાંઇ મોટું માહાભારત કામ આરંભવાની નથી, પણ માત્ર તેની નેમો ટુકમાં નીચે પ્રમાણેની છે.

(૧) ભાઇબંધીનો વધારો (૨) જરથોસ્તી ધર્મનો અભ્યાસ (૩) કોઇ બી જ્ઞાન રૂપી બાબદપર કે ધર્મને લગતી બીનાપર ગુજરાતીમાં કે ઇંગ્રેજીમાં ભાસાનો આપવા રેસાલાઓ વાચવા વાગેરે (૪) નીતી અને નેકીનો પારસી કોમમાં વધારો કરવો (૫) અને બને તો બર વખતે જસનો કરવાં.

સાહેબો આ ઉપરથી તમો જોસો કે વળી આ મંડળમાં ધર્મ નીતી સંબંધી બાબદો ઉપરાંત આપણા જ્ઞાનમાં વધારો કરવા માટે વીદ્યા હુન્નર ને લગતી કેઇ પણ બાબદપર ગુજરાતીમાં કે ઇંગ્રેજીમાં તમો ભાષણો આપી સકશો, કે રેસાલાઓ વાચી સકશો, કે વાંચનો દરસાવી સકશો.

વળી એ મંડળમાં દાખલ થનાર ગ્રહસ્થ ઉપર કાંઇ બી ખાસ ફરજો મેલવામાં આવતી નથી. સીવાએ કે તેઓએ બનતા લગી કાયદા કાનુનો ને માન આપી ચાલવું, અને દરેક સભાસદ સાથ ભાઇબંધીથી વરતવું વળી તમો સભાસદોના ફાયદા માટે એક

નાહનું પુસ્તકાલય સ્થાપવામાં આવશે, કે જેનો ઉપયોગ તમો ઘણો સેહલાઇથી કરી શકશો.

વળીબર—વખતે આપણી એક બીજાની મરજીથી આપણા “ જસનોની મોટાઇનો નુરમંદ હીગામ ” જાલેવશું જોકે અસલી ઇરાની જસનોનો જમાનો, અને અસલી જાહેર જસનોનો ઝળકાટ ઘણે દરજ્જે ગુમ થયો છે, પણ બરં વખતે પડતા તેવા નુરમંદ હીગામો આપણેથી દુર નથી. એવાં જસનો કર્યાથી અને નાહના પાયા ઉપર થતાં જસનોમાં સામેલ થવાથી ઉપજતા ફાએદાઓ વર્ણવાનુ આ મારા ટુંક લખાણમાં બની શકે એમ નથી, તોપણ એવાં જસનોથી આપણી પાક દીનની એકીનદારી વધશે અને એમાં ભાગ લેનાર સભાસદોમાં એક બીજા તરફની મોહબત અને ભાઇબંધીમાં વધારો થશે.

એવા જસનોના મેલાવડા હાલમાં ઘણે ઠેકાણે ભરવામાં આતાં Social gatherings ને મલતાં છે, બલકે તેથી ચડીઆતા છે, કારણ કે જ્યારે Social gatherings માં રંગરાગ અને ખાણુ પીણુ થાએ છે ત્યારે જસનોના મેલાવડાઓમાં પરવરદેગારની સ્તુતી સાથ ગંભીરતા અને એખલાસ પ્રગતી નીકલે છે. ખચીત એવા પ્રસંગો આપણે માટે ઘણા અગત્યના છે અને ઘડી ઘડી મલતા નથી.

સાહેબો આથી તમો જોઇ લેશો કે આપણા મંડલમાં એક બાજુ વીધ્યા હુનરનો વધારો કરવાની નેમ છે, અને બીજુ આપણા ધર્મનો રાહ રસમોનો અને નીતી રીતીઓનો વધારો અને સુધારો જોવાની નેમ છે; અને તમો સર્વ ફાએદા કાણુનથી જોઇ લેશો કે આજથી આ સ્થપાયલુ મંડળ ગરીબમાં ગરીબ ને તેમજ તવંગરમાં તવંગરને એક સરખી રીતે આસીરવાદ સમાન છે પણ તમો કદાચ વાસ્તવીક રીતે કેહશો કે મંડળની હસતી કાએમ રાખવા સારૂ પૈસાની તો અતી અગત્યની જરૂર છે હા, હું એ વાત કબુલ કરૂ છું. મંડળના ફાએદા અર્થે ખરાં એકીનથી તમારી મરજી મુજબના નાણા આપશો તો તે મંડળ

ખુશીથી સ્વીકારશે; મંડળના પુસ્તકાલયના વધારા માટે જો તમો ફાળાઓ આપશો તો તે કબુલવામાં આવશે. પણ—પણ મને પૈસાની મદદ જોઇતી નથી, મને ચોપડીઓની પરૂઝનો જોઇતી નથી, મને મોહની ભેટ, સોગાદો જોઇતી નથી. ત્યારે મને શું જોઇએ છીએ? મને જોઇએ છીએ તમારૂ ખલેસ દીલ. મને જોઇએ છીએ તમારૂ નીરમલ એકીન, મને જોઇએ છીએ તમારી આતુર ઇચ્છા. મને જોઇએ છીએ તમારી ઉત્તમ સાલે સાહી, મને જોઇએ છીએ તમારી ખરી ભઇબંધી ખરી સખાવત "પૈસા" માં આપીને અતકતી નથી. ખરાં દીલથી આપેલ તમારા વીચારો એ એક ઉત્તમ સખાવત છે, અને ગ્નાન વગરનાને ગ્નાનમાં લાવવું એ તો ઉત્તમમાં ઉતમ સખાવત છે.

સાહેબો. આ ઉપલા બોલો છતાં તમો અગત્યનો સવાલ કરશો કે મંડળના નીભાવ માટે થોડાબી પૈસાની તો મોટી જરૂર છે, હું ફરીથી કહીશ કે થોડા પૈસાની તો મોટી જરૂર છે, અને તે કારણ માટે તમો પાસ લેવા ધારેલી રકમ તદન નજીવી છે. મંડળમાં ગરીબ તેમજ તવંગરને દાખલ થવાને બની શકે તેટલા માટે મંડળની "ફી" તરીકે એક વરસનો માત્ર રૂપીઓ ૧) લેવામાં આવશે, તથા દાખલ થવાની "ફી" માત્ર આના ૮) રાખી છે; પણ જો કોઇ સખી સભાસદ એથી વધુ અમુક રકમ "ફી" તરીકે આપશે તો મંડળ તે ખુશીથી સ્વીકારશે અને તેમજ કોઇ સભાસદ માત્ર રૂા. ૧ આપવાને અશક્ત હોય તો તેને પોતાનો ખુલાસો કર્યાથી તેની પાસે કાંઇએ લેવામાં આવશે નહી. પણ એવો કોઇજ સભાસદ હશે કે વરસ દહાડે માત્ર રૂ.૧) આપી ન શકે.

એ ઉપરાંત કાંઇ પણ મોટી રકમ "Donation" તરીકે (સભાસદની મરજી મુજબ) કબુલવામાં આવશે.

સાહેબો જે રીતીઓ હું દરસાઉં તે રીતીઓ મુજબ જો તમો ચાલશો તો હું ખાતરીથી અને હીમતથી કહુ છું કે આ-

પણી આ નહાની મંડળી, આપણી આ 'વગર પૈસાની મંડળી, આપણી આ જાહેરમાં ન જણાયેલી મંડળી, બીજી જાણીતી મંડળીઓ કરતાં વધારે આવકાર દાએક, વધારે મજબુત, અને વધારે ઉપીઓગી થઇ પડશે.

દીનદાર જરથોસ્તીઓ, યજસ્નેના ૮ માહાના ૭ માં ફકરામાં અથવા તો ૬૦ માંહાના ૧૦ માં ફકરામાં લખેલું છે કે:— "આએ દીન કે જે હોરમઝદી જરથોસ્તી દીન છે, તેના મત પ્રમાણે, તથા તેના કામો પ્રમાણે, તથા તેના કલામ પ્રમાણે, ઘેરોના મોહલાઓના, કસબાઓના તથા 'દેશોના આગેવાનોને' હું જે જરથોસ્તી તે રેહનુમાઇ કરીશ." હમદીન બીરાદરો, ઇજસનેના ૧૨ માં હાનો ચોકસ ભાગ દરદીન પઢતાં તમો એકરાર કરો છો કે "મજદયસનો અહ્મી મજદયસ્નો જરથુશત્રિશ ફ્રવરાને આસ્તુતસચા ફ્રવરેતસચા" એટલે કે હું માજદયસ્ની છું મજદયસ્ની જરથોસ્તી તરીકે એ દીનની વખાન કરનારો, તથા તેની ઉપર એકીન લાવનાર તરીકે થવાને હું પસંદ કરૂ છું." પવીત્ર ગાથા વાણીમાં (૩૨-૬) તમો તે કીરતારને કબુલાત આપો છો કે, "અએ હોરમજદ ! તારી પાડસાહીમાં રાસતીના ફેલાવા માટે તારી મોકલેલી દીનના ફરમાનો હું કાએમ કરૂ"

સાહેબો ! આ ઉપલા ધ્યાન પુગાડવા જોગ પવીત્ર કલામો અમલમાં મુકવાને આ મંડળ કરતાં સરસ બીજું સાધન તમને કીયું મલસે ? ખરેખર હું મારેથીજ સ્થાપવામાં આવેલા મંડળ વીશે તારીફ કરૂં એ અકુદરતી છે; અને એમાં દાખલ થવાથી કેવા ઉત્તમ ફાએદાઓ થાએ તે હું પુરતા બોલોમાં દરસાવી શકતો નથી.

સાહેબો Emerson લખે છે કે, Our faith comes in moments our vice is habitual" હા ! આપણી બદીઓ આપણામાં હમેશ પેવરા થાઇ છે, આપણુ એકીન અને આપણી નેકી વખત જતાંજ મેલવી શકાએ છે, તે ખરૂ ખુદાઇ એકીન મેલવવાને, પેલું ખરૂં ઉતમ ગ્નાન લેવાને, પ્રીતીના, ભા-

ઈબંધીના, ખાલેશ દીલમા, માયા અને મોહબતના નર્મ કીરણો આપણા દીલમાં વધારે રોસન અને રોસન કરવાને આ મંડળ કરતાં બીજુ કીયું સાધન તમને અનુકુલ થઇ પડશે.

એ મંડળમાં જોડાયાથી તમારા દોસતો કેટલા થશે, જુદા જુદા વીચારના જુદા જુદાગ્રહસ્થો સાથ ભેલાતાં તમારા વીચારો કેટલા વધશે, તમારામાં ખરી ભાઇબંધીની લાગણી કેટલી ખીલશે. તમો એક બીજાને કેવા ચાહતા શીખશો ? અને એક બીજાની ચાલ ચલન જોઇ, એકબીજાની સંગત પકડી તમો તમારા વીચારો કેવા ઉત્તમ કરી શકશો? હંઇ પૈસાવાળાઓનુ ગરીબની સાથ ભેલાવું થાસે હંઇ ગરીબના છોકરાઓ તવંગર ઉપર અસર કરસે, આપણે એકબીજાને સુધારી સકી દર રાતના બીછાને જતાં એવો વીચાર ઉતપણ કરશું કે "હા! આજે મે માહારા ભાઇ બંધનુ ભલું કર્યું છે તેને કાંઇ નવું શીખવ્યું છે" તેથી તમોને કેવો સંતોષ ઉપજસે તેથી તમારી લાગણીઓ કેવી ખીલસે. હંઇ જે જે ભાષણો અપાશે, જે જે રેસાલાઓં લખાશે, જે જે વાંચણો વંચાશે, તેમાથી તમને તમારા વીચારો વીશે કેકેટલો બધો ખોરાક હમેશા મલતો રેહશે. એથી તમો વમને પોતાને ફાએદો કરી શકશો. એથી તમો તમને પોતાને સુધારી શકશો; એટલુંજ નહી, પણ તમારા બીજા દોસ્તોને, તમારા કુટંબોને, તમારા સગાંઓને તમારી ખીલવેલી લાગણીઓથી સુધારી શકશો, અને એ રીતે મુંગુ અને ગુપચુપ કામ દરેક મોહલ્લે કરતાં પારસી કોમનું કેટલુ ભલું કરશો, અને તેથી માજદયસ્નીદીનને ઉંચી તોંચે ચડાવી તે અશો જરથોસ્તના પવીત્ર રૂહને કેટલું ખુશાલ કરશો. માટે ભાઇઓ! આ મલતી તક ચુકશોમાં, ગએલો વખત પાછો હાથ આવતો નથી વર્તમાનમાં થાએલી અઘટીત ભુલોનો સુધારો ભવીષ્યમાં થવાનો નથી, માટે વહાલા ભાઇઓ તમને મારી નર્મ પણ મજબુત અરજ છે કે આવાં મંડળમાં જોડાઇ તમારેથી બનતુ કરી—તનમન અને ધનની

મદદ આપી—તમારા જાતભાઇઓ ઉપર તમારા જ્ઞાનની રોશની ફેંકો; અને તમારા ભાઇબંધોનું જરથોસ્તી ધર્મથી કળીઆન કરો

ભવીષ્યની આપણી ઓલાદનો પાયો તે કોઇજ નહીં પણ આપણે પોતેજ છીએ. ભવીષ્ય વર્તમાન ઉપર ટકે છે, માટે જો આપણે આપણનેજ સુધારવાની કોશેષ કરશું, તો આપણી પછીની ભવીષ્યની ઉધરતી ઓલાદને ઘણા સારા પાયા ઉપર આપણે જોઇશુ—તમો કે જેઓને જરથોસ્તી મંડળના સભાસદો તરીકે લેખી શકું તેઓને એક બે બોલ કેહેવાની રજા લઉં છું

પહેલી બીના તમારા ધ્યાનપર લેવાની છે તે એ છે જે પેલું સર્વ ઠેકાણે વ્યાપી રેહતું "હુંપણું" છે. "હું, હું, અને હું" જે તમારામાં ભેરાએલું છે તે દુર કરવાની કોશેષ કરો "હું એમ કરીશ અને મેં એમ કર્યું" "હું મોટો અને તું નાહનો" મેં કીધું તે તું ન કરે, તેં કીધું તે હું ન કરૂ" એવા એવા ખ્યાલો તમારા મનમાંથી દુર કરવાની કોશેષ કરો ખુદાની નજરમાં "હું તેજ તું, ને તું એજ હું" હમેશાં રહે છે, ત્યારે માત્ર આ દુનીઆઇ લોભ લાલચ, અને મોહીની એકબીજા સાથ કરવામાં આવતી બહારની સરસાઈ, ખાલી એક બીજાપર દેખાદેખીથી કરવામાં આવતી ચઢાઇ શી ખપની! ભલી ભાઈબંધીથી અને સુંદર સંપથી કરવામાં આવતું દરેક કામ અદેખાઇ અંતસથી કરવામાં આવતાં સર્વ કામ કરતાં હજાર રીતે સરસ છે એમ તમો સારી પેઠે સમજો છો ત્યારે માહરા ભાઇઓ—તેમ તમો વરતતા કાં નહી? તેમ વર્તો અને બીજાંમાં તમારો સુંદર દાખલો બેશાડો બીજું તમો તમારા પોતામાં વીસ્વાસ રાખી બીજાંની અદેખાઇ ના કરો. અદેખાઇ એ એક જાતનો મુંગો રોગ છે—એ એક જાતનો ઝેરી કીડો છે—સેરને માથે સવાસેર હમેશા રેહે છે અદેખાઇ માત્ર અજ્ઞાનપણાથી ઉતપન થાય છે તે અજ્ઞાનપણુ દુર કરો અને ખરી નીરમલ લાગણીથી એકબીજાને ચાહતાં શીખો તમારૂ મન હમેશાં મેઠું રાખો, આલેસ વાચારોથી ભરપુર રાખો.

બીજાંની કુ-તેથી ઉપજતું સુખ જોઇ તમો શા માટે દુખી થાવો છો "પેલો તો પ્રમુખ થયો, પેલાને તો મુનસી બનાવ્યો. પેલાને તો પાસનગી કીધો, પેલાને તો કેતાબ્ચી તરીકે કબુલ્યો અને મને તો કાંઇ ઓફીસ ન આપવામાં આવ્યો એ કેવો ગેરઇનસાફ !" અફસોસ એવા વીચારોથી તમારૂ મન નીરમલ તે ક્યાંથી રહે ?

Emerson લખેચ "We pass for what we are" માટેસાહેબો તમારી લાયકાત અને તમારૂં કામ એજ તમારો ઓધો છે.

"કામ તારાં દેખાડેચ તારો ખવાસ,
જેમ ફુલ એક દેખાડેચ ઝાડનો મીઠાસ"

એક જન લખેછ:—All is not gold that shines, it is true, but all that is gold ought to shine નાલ એકને એક જોખમ બરેલ જગાનો ઓધો આપવો તે હરામીઓને ન ધનતું ઉ-તેજન આપવા બરોબર છે. એક ભલો માણસ હમેશાં શંતોશી રહે છે માટે બીરાદરો, અદેખાઇ અંતસના ખ્યાલો દુર કરી એક બીજાસે સારી રીતે વર્તો. એવી વરતનુકથી તમારી ભવીસ્યની જીંદગીમાં તમો કેટલું બધું ઉપયોગી કામ કરી શકશો, તમો સેંકડોનું ભલું કરશો. ખ્યાલ કરો ભાઇઓ; ખ્યાલ કરો ! ત્રીજી બીના જે તમોને હું લગરીક વધારે મજબુતીથી કેહવા માગુંચ તે ધીરજ અને ખંત વીશે છે જેટલું એ વીશે હું બોલું તેટલું થોડું છે. તમો ધીરજ અને ખંતના ફાયદાઓ વીશે જાણીતા હોના જોઇએ પણ એક બેદાખલા આ ઠેકાણે આપેલા ફોકટ નહી જસે એ બાબદપર વધુ બોલી તમારો વખત લેવા માંગતો નથી પણ જો તમો માત્ર નવરોજી ફરદુનજી, સોરાબજી બંગાલી, અને દાદાભાઇ નવરોજીનાજ, નામો યાદ કરો તો તે નામો ધીરજ અને ખંતનો તમને કાંઇક ખ્યાલ આપશે. તે મહાન નરોની લોકોના ભલાં માટે અરપણ કીધેલી જીંદગી તેઓ-

ની એવા ધીરજવંતી ખંત છે. સાહેબો તેઓને પગલે ચાલવું એ આપણો ધર્મ છે એ આપણી નીતી છે. તેઓની બરોબર થવું જો કે પેહલી નજરે મુસકેલ લાગે છે. પણ ખંતવંતી ધારજથી આપણે આપણું ધારેલું મુંસકેલ કામ સેહલાઈથી પાર પાડી શકીએ છીએ. જ્યારે તેઓ અતી માહાભારત કામો માટે ઉહાવા ધીરજથી ફતેહ પામીયા ત્યારે તેઓને પગલે આપણે એક અતી નાહના પણ શુભ. સાદાં પણ ઉત્તમ કામની સરૂઆત કર્યે, અને તેઓના જેટલી નહીતો આપણે થી બની સકે એટલી ધીરજ સાથ ખંત અને જેહમતને અમલમાં મુકીએ ધીરજથી માણસને ઊલત મલે છે અને ખંતથી માહભારત કામો પાર પડે છે. મહાન નર નેપોલીઅનના નામથી તમો અણ જાણીઆ નથી. જ્યારે ઝાર એલેક્ષાંદ્રે નેપોલીઅનને એક પ્રસન પુછ્યો કે "એ નેપોલીઅન તાહરી આટલી બધી નસીબવંતી ફતેહનું કારણ શું છે? તું આતલો બધો ફતેમંદ સાથી નીવડયો?" નેપોલીઅને તુંકપણ અસરકારક જવાબ વદ્યો "નામદાર સાહ માત્ર ખંતનીજ પુંઠ પકડી રાખવાથી". એના પોતાના બોલોમાં મુકીએ તો "To Perseverance in pursuing it" ખંતની પુંઠ પકડી રાંખવાની એની ધીરજનો તમો શું ખ્યાલ કરશો? ધીરજ અને ખંત એજ આપણી જીંદગી ના થાંભાઓ છે કેટલાકોને એવો વીચાર પેઠો છે કે આપણી કીધેલી મેહનતનો બદલો આપણને મલતો નથી. કોઈ તો વલી કેહેશે કે We pain ourselves to please nobody" અલબતાં આપણે ઘણી મુસીબતો વઠીએ છીએ અને તેનું પરીણામ ઘણું નીરજીની આવે છે, પણ ઉ[illegible]થી જોતાં એ હવાઇ ખ્યાલ છે. જો એક સભાસદ ઘણીજ મુસકેલીઓથી પોતાના વખતના ભોગથી ઘણીક કીતાબો વાંચી એક સરસ રેસાલો તૈયાર કરે, પણ તેને સાંભલનારાઓ ઘણાજ થોડા હોય તો શું તેને એમ સમજવું કે તેની મેહનતનો બદલો મલ્યો નહી ઘણા જણાઓના નંબર આગલ એક ભાષણ આ[illegible]

કરતાં એક select અને intelligent સભા આગલ આ. પેલું ભાષણ વધારે અસરકારક લેખાય છે. માટે ભાઇઓ તમો એ એમ બીચાર ન લાવ્યાકે તમારી મેહનતથી કીધેલા ભાષાન નો બદલો તમને મલીઓ નહી. જો એમજ હોય—એટલે કે તમારી મેહનતનો બદલો તમને મલતો ન હોય=તો આપણે કહીશું કે ખુદાઇ ઇનસાફ જેવું કાંઇએ નથી; પણ તમો જાણો છો કે ખુદાઇ ઇનસાફ જેવું કાંઇક હસતી ધરાવે છે. ત્યારે કાં નહી તમો ખરી મેહનત કરી, ધીરજ ધરી. તમારા જ્ઞાનના બલે એક બીજાનું ભલું નથી કરતાં ?, સભાસદો મારી તમકે નર્મ અરજ છે કે ખરી ધીરજવંતી મેહનત કરી કાંમ નહી અને કાંઇ બાબદો ઉપર ભાષાનો આપવાની કોશેશ કરજો; અને ધીરજના ફલ તો ન્યારાંજ છે, માટે તમારી કીધેલી મેહનતનો બદલો મેલવવાને ધીરજ પકડજો હવે જે મારે બોલવું છે તે આપણા પારસી જુવાન વર્ગમાં જે એક નીરજીવ રીતી પેવશ થઇ છે તે વીશે છે સાહેબો તમો જાણો છો કે માણુસ ભુલથી ભરેલું છે, માણુસ ખામીથી ખાલી નથી, માણુસ ગુસ્સાને પાત્ર છે આપણે આ દુન્યામાં જનામ લીધા પછી હજારો વેદનામાંથી પસાર થવું પડેચ, સેંકડો મુસીબતો ખમવી પડેચ અને કેટલાકો સાથ ખરી તકારમાં ઉતરવું પડેચ ! ઘણાકો વેદના અને મુસીબતોની નદીઓ ઓલંગે છે, પણ તકરારનો ઝરો કેમ ઓળંગવો તે તેઓ જાણતા નથી "કાંઇ પણ બાબદપર તકરાર યા ચરચા ચલાવવી તે સલેહાઇથી ગંભીરાઇથી ડહાપણથી અને સુધ માર્ગ પકડી ચલાવવી અને નહી કે વેરભાવ, કપટ, તુંદાઇ અને કોઇ બી ખાનગી મતલબ રાખીને કરવી" ઉપલા બેલો એક ગ્રહસ્થના છે અને તે ઉપર આપણે ધ્યાન પુગાડવું જોઇએ કે કોઈ પણ બાબદપર ખરી તકરાર કરવી તે તકરારની રીતેજ કરવી અને નહી કે ગ્રહેમ્રઈ અને અંતસ આપ મતલબ અને આપ ખુદી કરવી આપણને ઘણા દાખલાઓથી અનુભવ મળીઓ છે કે કોઇ બી બેઆસામીઓ વચ્ચે જરા ઘભીર અને ઇનસાફની

રાહે તકરાર થાય તો તે બેઉ એક બીજા સે વાત ન કરસે, એક બીજાને સલામ ન કરશે એ કેવું ખોટું અને વાંધાથી ભરેલું ? અરે સાહેબો, તમો કોઇને સલામ કરતા તે બારે હકતાજો નમન કરોછો. માટે આ દુનીઆઇ દુશમેની શી ખપની ખરૂં સુખ ભલાઇમાં છે; માટે ભાઇએ સર્વ સાથ ભલાઇ કરો. મને ઉમેદ છે જે આ મંડળનો એકે એક સભાસદ—લાએક ઉપયોગી અને ઉપીઓગી સભાસદ નીવડશે અને મંડળ તરફ કે મંડળના કોઇ સભાસદ તરફ આડી વર્તનુક ચલાવશે નહી. મને ઉમેદ છે જે તમો દરેક જણા સુલેહ અને સંપથી પોતાનું કામ આરંભશો અને ભાઇબંધીથી તમારી ફરજ બજાવશો. હું ઇચ્છું ચ કે મંડળના ધારાઓનો મજબુત ઉપયોગ મને કરવો નહી પડશે અને આપણા કાયદા કાણુનો તે સુલેહ અને સંપ, ધીરજ અને ખંતજ રેહેશે. મંડળ તમો તરફ કેવી રીતે ફરજ બજાવશે અને તમો એ મંડળ તરફ કેવી રીતે ફરજ બજાવવી એ વીશે હું બોલ્યો છું હવે મારી ફરજો તમારી તરફ અને મંડળ તરફ શું છે તે બોલી આજનુ બોલવું ખતમ કરીશું.

મારી પોતાની ફરજો વીશે બોલતાં હું એટલુંજ વીચારીશ કે "આપણી પોતાની તરફની આપણી ફરજો બજાવવાની મતલબ આપણા પોતાના સુખને માટે નથી [illegible] પારકાઓના સુખને માટે છે." વાસતે સાહેબો, માહરી [illegible]લી મુખ્ય ફરજ તમારૂં સુખ જોવાની છે, તમને રાસ્ત ઇનસાફ આપવાની છે મંડળ સંબંધી ગમે એવી ગંભીર તકરાર ઉત્પન્ન થાએ તો તેને ઇનસાફ આપવાને હું બંધાઉ છું. કોઇબી એક તરફનુ સમજી બીજાને ગેરઇનસાફ કરવાનું હું ધીક્કરીશ, રાસ્ત ઇનસાફ આપવો એજ મારૂં કામ છે અને રેહેશે અને સર્વને રાજી રાખવા રાસ્ત ઇનસાફને પેહલા હું અમલમાં મેલીશ. બીજી તરફ હું સ્વતંત્ર રહીશ કોઇનેબી નારા[illegible] રાખવામાં હું મને દુખ થએલું સમજીસ અને આપમતલબી અને આપખુદ ફતવાવોને ધીક્કારતાં લાએકને-લાએક માન આપવા હું બનતું કરીશ. સાહેબો ઉપલા બોલો કરતાં વધુ હું કાંઇ બોલી[illegible]

કતા નથી, પણ એક વધુ ખુલાસાની જરૂર છે ઘણાક મીત્રોના ઘણા આગ્રહથી આ મંડળ હું સ્થાપુ છું, હું તેનો સ્થાપનાર પ્રમુખ છું તથા મુખ્ય માલેક રહીશ. મેં કોઇબી રીતની અદેખાઇ અંતેશથી આ કામ કીધું નથી, આપખુદી કે આપમતલબનો સમાવેશ કોઇબી રવેસે મેં કર્યો નથી, કોઇબી રીતે બીજી જાહેર મંડળીઓને તોડી પાડવા કે તેઓપર સરસાઇ ભોગવવા મેં આ મંડળ સ્થાપ્યું નથી. કોઇબી રવેસે મોહટું માન ખાટવા કે નામ મેળવવા મેં આ પગલું ભર્યું નથી; પણ માત્ર આપણા જાત ભાઇઓને આપણા જ્ઞાનના બલે અંધકારમાંથી રોશનીમાં લાવવાને ખાલેસ દીલથી મેં આ દરવાજો ખુલ્લો કર્યો છે; એનો ઉપીઓગ કરવાનુ તમોના હાથમાં છે. મુખ્ય માલેક તથા સ્થાપનાર પ્રમુખનો જોખમ ભરેલો ઓધ્ધો મારે માથે ખેંચતાં હું ઉમેદ રાખુંચ કે તમો તમારા જ્ઞાનના બલે બનતુ કરી જરથોસ્તી ધર્મનું અને કોમનુ ભલું કરવાને ચુકશો નહી; અને તમારેથી બનતી તમામ મદદ કરીને મને મારૂં આ શુભ કામ સફલ કરી આપશો એવી આશા હું તમારેથી રાખુ છું અને હમેસ રાખીશ.

The Junto નામની મંડળી સ્થાપનાર પેલા જાણીતા બેન જેમીન ફ્રેંકલીન, પેલા જાણીતા આઇરીશ વકતા કુરેણનો, ગાથેના એકેડેમીના વગ ગેરશીલ્ડ વાગેરેના દાખલાઓ આપી એક લખનાર કહે છે " Si[illegible] to pass that the debating (religious) society is on the road to success. Its discipline can not be overestimated. It inspires to nobler efforts There is no substitute for it" ભાઇઓ ઉપલા બોલો ઉપર જરા વીચાર કરો, તેઓ કેટલી સચાઇથી ભરેલા છે તેનો કાંઇ ખ્યાલ કરો. જેમ એક ખેડુત ખુદાપર ઈતબાર રાખી પોતાની જાગીરમાં થેડાંક બીઆં લાત્યાં નાખીને કેટલાંક દીવસ પછી તેની ઉપર મહેનત લે છે,—કે જે મેહેનતને માટે તે પાક કીરતાર વરસાદ અને તડકાને મદદે મોકલે છે,—અને તે ખેડુત પોતાની કાધેલી મહેનતનો પુરતો બદલો મેલવી પોતાથી વવાએલા બીઆંનો મીઠાસ ચાખે છે; તેમ

આપણા આ મંડળ તરફથી બીજાના ભલાં માટે તમો તમારા સાદાં પણ શુભ વીચારોના જ્ઞાન રૂપી બીઆં જ્યાં ત્યાં ફેકશો— અને યાદ રાખજો કે ખુદા તમારી મદદે હમેશાં રહે છે—તો તે વીચારના ફેંકેલા બીઆંઓનો ઉતમ, ઉપયોગી, અને ધીરજવંતો ગુણ તમને વખત જતે નાજામ પડતો રહેશે અને આ ચણદે તમોને પેલા ખેડુતની પેઠે-તમારી કીધેલી મેહનતનો મીઠો બદલો ચાખવાને ખુદા તમને મદદ કરે. માટે ભાઇઓ—ઓ દીનદાર જરથોસ્તીઓ, તમો બીદાર થાવો તમારા ધર્મની તમારી કોમની સલામતી છે. તમારી કોમથી તમારા ધર્મની ફતેહ છે. માટે બીદાર થાવો ભાઇઓ બીદાર થાવો, મારે જે કરવાનું હતું તે કર્યું, કરવાનું છે તે કરીશ, બાકી જે રહ્યું તે તમારા હાથમાં છે બીજાનુ ભલુ કરવું એ ઉતમ કામ છે. અને એનેથી ઉતમ બીજું શું હોય? તે કીરતારની બક્ષેસો માની એકને સુધારવી એ આપણુ શુભ કાર્ય છે, અને મનુષ્ય જાતીને સુધારવી, વધારે સારી, વધારે ડહાપણ ભરેલી, વધારે માનસાઇ ખવાસની, અને વધારે સુખી બનાવી એ આપણું એક ખુદાઇ કામ છે માટે આપણ સર્વે ભેગા તે કીરતાર પાસ એજ દુઆ માગીશું કે "ઓ ખુદા, ઓ પાક પરવરદેગાર ઓ બક્ષીસનો કરનાર સાહેબ બીજાના ભલા માટે હમો સર્વને તું નેક હીદાયત બક્ષ તે આશો હોરમજદની સેતાએશ કરત, આપણે ઇચ્છીશુ કે આ શુભ કામની સરૂઆતથી અને નેક નીસ્તાથી સ્થાપવામાં આવેલાં આ મંડળમાં [illegible]ના ધર્મનું અને જરથોસ્તી કોમનું ભલું કરવાનુ કૌવત [illegible] આપણને બક્ષે.—બક્ષે આપણને તે કીરતાર આપણા જ્ઞાનમાં વધારો, બક્ષે આપણને તે કીરતાર આપણા એલમમાં સુધારો, પાક[illegible] કરે આપણા નેક કામો, સ્વચ્છ રાખે આપણા ખાલેશ દીલો નીચલા ઓસોથી માર્ બોલવુ હું સમાપત કરીશ કે આપણા એકબીજાની વચ્ચે દુશમનાઇ અને વેરભાવના ખુરાતીદો નાબુદ થઇ માયા અને મોહબતના મીઠા કીરણો વધારે અને વધારે પ્રકાશતા રહે! આમીન!

લખનાર,

મંચેરજી જમસેદજી બમનજી વાડીઆ